# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-11-2025 Day: Friday Morning : 7.55 to 8.00 am**

આકાશવાણી ભુજ સમાચાર વિરણ રાણા વાંચે છે.

---

## કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ રાજ્યને રાજમાર્ગ સહિતની અન્ય પરિયોજના માટે કેન્દ્ર સરકાર તરફથી 20 હજાર કરોડ રૂપિયા આપવા માટે ખાતરી આપી છે. ગુજરાતના ગાંધીનગરમાં રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓની સમીક્ષા કરવા યોજાયેલી બેઠકમાં શ્રી ગડકરીએ રાજ્યમાં ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળ – **NHAI**ની રાજમાર્ગ સહિતની અન્ય પરિયોજનાઓની સમીક્ષા કરી.

શ્રી ગડકરીએ અધિકારીઓ અને ઈજારદારોને રસ્તાઓની ઉચ્ચ ગુણવત્તા સુનિશ્ચિત કરવાની પણ તાકીદ કરી. સાથે જ તેમણે માર્ગના નિર્માણ અને સમારકામમાં નાગરિક સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પર પણ ભાર આપ્યો. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ-મુંબઈ, રાજકોટ–ગોંડલ–જેતપુર, અમદાવાદ–ઉદયપુર માર્ગના પ્રગતિ હેઠળના કામ ઝડપથી પૂર્ણ કરાવવા પણ શ્રી ગડકરીને રજૂઆત કરી હતી.

**------------------------------------------------------------------------------------------**

## ચિંતન શિબિર વલસાડ – સીએમ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની સ્થાપનાના 75 વર્ષની ઉજવણીનો વર્ષ 2035માં આવનારો પ્રસંગ વિકસિત ભારત – વિકસિત ગુજરાત માટે સીમાચિહ્ન બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. વલસાડના ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન ખાતે રાજ્ય સરકારની 12-મી ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે જે જવાબદારી મળી તેની નિષ્ઠાથી નિભાવવા પર ભાર આપ્યો. તેમણે આ ચિંતન શિબિરથી સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસનો ધ્યેય પાર

પડ્યો હોવાનું પણ જણાવ્યું. આ સાથે જ વધુ તેજ ગતિ અને શ્રેષ્ઠતા તરફ સાથે મળીને આગળ જવાનું મંથન આ ત્રણ દિવસની શિબિરમાં કરાશે તેમ તેમણે ઉમેર્યું.

ઉલ્લેખનીય છે કે, આ શિબિરમાં ક્ષમતા નિર્માણ અને મૂલ્યાંકન, પોષણ અને આરોગ્ય, હરિત ઊર્જા અને પર્યાવરણ, જાહેર સલામતી, સેવા ક્ષેત્રમાં વૃદ્ધિ વિષય પર સામૂહિક ચિંતન અને મંથન કરાશે.

---------------------------------------------------------------------------------------------

## SIR : કામગીરી

**કમોસમી મતદાર યાદીના ખાસ સઘન સુધારણાના ભાગરૂપે, સમગ્ર ગુજરાતમાં પાંચ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવે છે. દરમિયાન, ચૂંટણી પંચ આ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે 29 અને 30 નવેમ્બરના રોજ રાજ્યભરમાં તાલુકાસ્તરીય શિબિરનું આયોજન કરશે. દરમિયાન** મતદાર યાદી ખાસ સુધારણા કાર્યક્રમ અંતર્ગત ચૂંટણી અધિકારી અને કલેક્ટરના નેતૃત્વ હેઠળ જિલ્લામાં સમાવિષ્ટ **6** વિધાનસભા મતદાર વિભાગોમાં આવેલ ખાસ કેમ્પના સ્થળ પર આવતીકાલે બપોરે **12** કલાકથી સાંજે **5** કલાક સુધી અને તા.**30-11** રવિવારના સવારે **10** કલાકથી સાંજે **5** કલાક સુધી ગણતરી ફોર્મ ભરીને કેમ્પ ખાતે જમા કરાવી શકાશે. કચ્છ જિલ્લાના નાગરીકોને મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન ફોર્મ ભરવાનું બાકી હોય તો તાત્કાલિક ભરી દેવા અને કેમ્પ ખાતે જમા કરાવવા અપીલ કરાઈ છે

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ – દિનદયાલ પોર્ટ

દિન દયાલ પોર્ટ દ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં સમય પૂર્વે જ 100 મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગ કરીને દેશના તમામ મહાવંદરોમાં મહત્વની સફળતા મેળવી છે આ સિદ્ધિ હાંસલ કરનારા દિન દયાલ પોર્ટ કંડલા દેશનું પ્રથમ મહાવંદર બન્યું છે સત્તાવાર સાતનો પણ વિગત મુજબ પોર્ટની અસાધારણતા મજબૂત કાર્ગો હેન્ડલિંગ ક્ષમતાઓ પોર્ટ વપરાશકારો વચ્ચે સંકરણને લઈને તેમજ ભારતની દરિયાઈ વૃદ્ધિમાં એક્ઝિમ વેપાર માટે રાષ્ટ્રના 20 વર્ષની અને

પ્રદર્શન આધારિત પ્રવેશદ્વાર તરીકેની પ્રતિષ્ઠાને મજબૂત બનાવે છે. દિન દયાળ મહામંડળ કંડલા દ્વારા આ કાર્ગો હેન્ડલિંગની સિદ્ધિ હાંસલ કરવા બદલ ડીપીએ ચેરમેન સુશીલ કુમાર સિંઘે સૌને અભિનંદન પાઠવતા ગર્વની ક્ષણ હોવાની લાગણી વ્યક્ત કરી હતી.

--------------------------------------------------------------------------------

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 30 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128-મી કડી હશે.

લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને મંતવ્ય ટૉલફ્રી નંબર 1800-11-7800 પર મોકલી શકશે. તેઓ નરેન્દ્ર મોદી ઍપ અથવા **MYGOV** ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના મંતવ્ય મોકલી શકે છે.

આ ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને ટૂંકી સંદેશ સેવા – **SMS**ના માધ્યમથી પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકશે. મંતવ્ય મોકલવાનો આજે છેલ્લો દિવસ છે.

--------------------------------------------------------------------------------

## ગીતા જયંતીની ઉજવણી

સંસ્કૃતના પ્રચાર પ્રસાર અને સંવર્ધન માટે મુખ્યમંત્રીના નેતૃત્વમાં પંચકર્મ યોજનાની શરૂઆત કરાય છે જે અંતર્ગત પહેલી ડિસેમ્બરે ગીતા જયંતીના દિવસે રાજ્યમાં જિલ્લા કક્ષાનું 34 સ્થળોએ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પ્રતિભાગ યોગી ગીતાના શ્લોક સંસ્કૃત સુભાષિતોનું પારાયણ કરશે. ભગવદ ગીતા પર વ્યાખ્યાન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજશે. રાજ્ય સંસ્કૃત બોર્ડની પંચકર્મ યોજનામાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના સંસ્કૃત સંવર્ધન સહાયતા યોજના સંસ્કૃત પ્રોત્સાહન યોજના શ્રી ભાગવત ગીતા યોજના અને સુભાષિત કંઠ પાઠ યોજનાનો સમાવેશ થાય છે અને

સુભાષિત કંઠ પાઠ યોજન અંતર્ગત પ્રતિભાઓને જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવશે.

-------------------------------------------------------------------------------------------